

ગાંધી વંદના - ગાંધી નિર્વાણ દિને ટાઉન હોલ ખાતે સવારે ગાંધી ગીતોનો કાર્યક્રમ યોજાયો હતો. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી રચિત ગાંધી ગીતો ગુજરાતના પ્રસિદ્ધ ગાયક કલાકારો અભેસિંગ રાઠોડ અને મીના પટેલ દ્વારા રજૂ કરાયા હતા. ભાવસભર માહોલમાં ગાંધીજીને સ્વરાંજલિ અપાઈ હતી. આ પ્રસંગે ઝવેરચંદ મેઘાણીના સુપુત્ર પિનાકી ઝવેરી અને તેમના ધર્મપત્ની સહિત નગરના સાહિત્ય સર્જક અને આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

# ગાંધીનગરની કિશોરીઓમાં હિમોગ્લોબીનનું પ્રમાણ ચિંતાજનક

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરની શાળાઓમાં ભણતી કિશોરીઓમાં હિમોગ્લોબીનનું પ્રમાણ ચિંતાજનક છે તેવા ચોંકાવનારા તારણો આરોગ્ય ચકાસણી દરમિયાન બહાર આવ્યા છે. સેકટર-૫ સ્થિત પ્રેરણા વિદ્યાલયમાં આરોગ્ય તપાસણી દરમિયાન ૧૧૪ માંથી ૯૩ કિશોરીઓનું હિમોગ્લોબીન ૧૦ ટકાથી નીચે નોંધાયું છે જયારે ૪ દિકરીઓમાં ૫ થી ૮ ટકા જેટલું હિમોગ્લોબીન નોંધાયું જયારે બે દિકરીઓમાં માત્ર ૪.૫ ટકા લોહીનું પ્રમાણ જણાયું છે.

પ્રેરણા વિદ્યાલયની એક અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે તાજેતરમાં શાળા ખાતે મેડીકલ ચેકઅપ અને એડોલેશન્ટ એજયુકેશનનો એક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૧૨ થી ૧૭ વર્ષની કિશોરીઓના લોહીની તપાસ કરવામાં આવી હતી. ગાંધીનગર મહાનગરપાલિકાની એક તબીબી ટીમે આ ચકાસણી કરી હતી. હિમોગ્લોબીનના પ્રમાણ બાબતે આ ચકાસણીમાં ખુબ ચોંકાવનારા તારણો મળ્યા હતા. શાળાની ૧૧૪ કિશોરીઓના બ્લડની તપાસ થઈ હતી. તેમાંથી માત્ર ૨૧ દિકરીઓમાં લોહીનું પ્રમાણ ૧૦ થી ૧૧ ટકા હતું. બાકીની બધી જ દિકરીઓમાં હિમોગ્લોબીનની ટકાવારી ચિંતાજનક રીતે ખુબ ઓછી હતી. લગભગ ૮૨ ટકા જેટલી કિશોરીઓ એનીમીક માલુમ પડી હતી. જેમાં ૩૦ ટકા દિકરીઓના શરીરમાં ૯ ટકાથી પણ ઓછું લોહીનું પ્રમાણ જોવા મળ્યું હતું. જયારે બે દિકરીઓ માત્ર ૪.૫ ટકા જેટલું લોહીનું પ્રમાણ ધરાવતી હતી.

આપણે જયારે દિકરીઓને બચાવાની તેમને સુશિક્ષિત બનાવવાની વાત કરી રહ્યા હોઈએ ત્યારે તેમના સ્વાસ્થ્યને લગતી આ બાબત ખુબ જ ચિંતાજનક અને લાલબત્તી સમાન છે. શાળામાં ભણતી કિશોરીઓના શરીરમાં લોહીનું ઓછું પ્રમાણ આપણી સામાજિક બેદરકારી દર્શાવે છે. બાળાઓની ઉંમર નાની હોય ત્યારે તેમનામાં હિમોગ્લોબીનનું પ્રમાણ સારું હોય છે પરંતુ જેમ જેમ તેમની ઉંમર વધે છે તેમ તેમ હિમોગ્લોબીનનું પ્રમાણ ઓછું થતું જાય છે અને આગળ જતાં તેઓ સ્વાસ્થ્ય સંબંધી ગંભીર સમસ્યાઓનો સામનો કરે છે. છઠ્ઠા ધોરણમાં ભણતી કિશોરીઓના પ્રમાણમાં બારમા ધોરણમાં ભણતી દિકરીઓ વધુ એનીમીક માલૂમ પડી હતી.જે વિદ્યાર્થીનીઓમાં હિમોગ્લોબીનનું પ્રમાણ ઓછું જોવા મળ્યું હતું તેમની માતાઓને અંગત માર્ગદર્શન અપાયું હતું. આયર્નની ટેબ્લેટ આપવાની યોજના પણ વિચારાઈ છે. કિશોરીઓ માટે ચાલતી સ્વાસ્થ્ય સંબંધી વિવિધ યોજનાઓમાં આ કિશોરીઓનો સમાવેશ કરી તેમના સ્વાસ્થ્યમાં સુધારો લાવવાનો પણ પ્રયત્ન કરાશે.

# સે-૨૦ થી ૩૦ના આંતરિક માર્ગો ચકાચક બનશે

## રૂ. ૧૩.૯૧ કરોડનો ખર્ચ થશે : પાંચ વર્ષ બાદ ખાસ મરામત હેઠળ કામ હાથ ધરાશે; ૧૩૭ કી.મી.ના માર્ગોનું નવીનીકરણ કરાશે

ગાંધીનગર, તા.૩૦

શહેરના સે-૨૦થી ૩૦ સેકટરમાં ૧૩.૯૧ કરોડના ખર્ચે આંતરિક માર્ગોનું નવીનીકરણ કરવામાં આવશે. પાંચ વર્ષ બાદ ૩૭ કિ.મી.ના માર્ગોનું મજબૂતીકરણ હાથ ધરાશે. ખાસ મરામત હેઠળના કામો અન્વયે તંત્ર દ્વારા દરખાસ્ત તૈયાર કરી દેવાઈ છે.

શહેરમાં માર્ગ નવીનીકરણની કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. શહેરના મુખ્ય 'ઘ' અને 'ચ' માર્ગને ચકાચક બનાવવા પણ તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત નિયત સમયકાળના અંતે સેકટરોના આંતરિક માર્ગોનું મજબૂતીકરણ પણ હાથ ધરાયું છે. જેને અનુલક્ષી સે-૧ થી ૫માં પણ આંતરિક માર્ગોનું નવીનીકરણ હાથ ધરાયું છે. સે-૧ થી ૧૩માં સેકટરના ઈન્ટરનલ રોડ ઉપર ચોમાસા દરમિયાન વરસાદી પાણીનો ભરાવો ન થાય તે રીતે સમથળ બનાવવા પણ પ્રયાસ કરાયો છે. અગાઉ સે-૨૦ થી ૩૦ના આંતરિક માર્ગોને ચકાચક બનાવવા તંત્ર દ્વારા દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી પરંતુ ૬ મહીનાથી વધુ લાંબા સમયના અંતે પણ દરખાસ્તને મંજુરી ન અપાતા જૂના સેકટરોમાં માર્ગ નવીનીકરણનું કામ હાથ ધરી શકાયું નથી. સે-૨૦ થી ૩૦ના આંતરિક માર્ગોનું નવીનીકરણ હાથ ધરવા ત્વરિત કામગીરી હાથ ધરવામાં આવે તેવી લોકલાગણી પણ પ્રબળ બની છે. બીજી તરફ તંત્ર દ્વારા હવે ખાસ મરામત હેઠળ આ માર્ગોનું કામ હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સે-૨૦ થી ૩૦ના આંતરિક માર્ગોની મરામત માટે રૂ. ૧૩.૯૧ કરોડના ખર્ચના અંદાજ સાથે દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે. સે-૨૦ થી ૩૦માં અંદાજિત ૧૩૭ કી.મી.ના માર્ગોને ચકાચક બનાવવા ખાસ મરામત હેઠળ ટૂંકમાં કામ હાથ ધરાશે.

# સ્વ. ઈન્દિરા ગાંધીની પ્રતિમા મુકવા પ્રસ્તાવ પસાર કરાયો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરના 'ચ' માર્ગને ઈન્દિરા ગાંધી માર્ગથી નામાભિધાન કરાયા બાદ હવે તેમની પ્રતિમા મુકવાની માંગણી આજે સ્ટેન્ડીંગ કમિટી દ્વારા મંજૂર કરવામાં આવેલ એક પ્રસ્તાવમાં કરવામાં આવી છે.



ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટની ચેરમેન શ્રી પ્રવિણ પટેલની અધ્યક્ષતામાં મળેલ આ બેઠકમાં આજે આ પ્રસ્તાવ સર્વાનુમતે પસાર કરી ૧૫ ફૂટની પ્રતિમા ટ્રાફિકને અડચણરૂપ ના થાય તે રીતે ચ-૫ અથવા ચ-૦ પર મુકવા માટે જણાવાયું છે.

ગાંધીનગર શહેરમાં ચ-૦ થી ચ-૫ સુધીના માર્ગને ઈન્દિરા ગાંધી માર્ગનું નામાભિધાન વીસ વર્ષ પૂર્વે કરવામાં આવ્યું હતું. હાલ આ માર્ગ પર માત્ર તે માર્ગનું નામ સૂચવતી તકતી મુકવામાં આવેલી છે.

શહેરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર, મહાત્મા ગાંધી, વિઠ્ઠલભાઈ પટેલ અને વલ્લભભાઈ પટેલ તેમજ પૂ. રવિશંકર મહારાજની પ્રતિમાઓ મુકાયેલી છે. શહેરના માર્ગોનું નામાભિધાન ચાર વર્ષ પહેલાં કરવાની સાથે સર્કલોના પણ નામાભિધાન કરવામાં આવ્યા છે. જે ઉલ્લેખનીય છે.

# શહેર-જિલ્લામાં ગુનાખોરીનો ગ્રાફ બમણો

## પોલીસ હવે કેમેરાના સહારે : બેન્ક, શાળા-કોલેજ, જ્વેલરી શોપ સહિત તમામ ખાનગી એકમોમાં સીસીટીવી ફરજીયાતનું જાહેરનામુ પ્રસિદ્ધ કરવા પોલીસની કલેક્ટરને દરખાસ્ત

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં વધી રહેલા ચોરી-ઘરફોડ સહીત લૂંટ જેવા બનાવોને પગલે જિલ્લા પોલીસ સાવ બાપડી બની ગઈ છે. પોલીસના તમામ એક્શન પ્લાનની ઐસી કી તૈસી કરીને ઘરફોડીયા તથા લુંટારૂઓ બેફામ બની ગયા છે જેને નિયંત્રીત કરવા તથા આવા શખ્સોને પકડી પાડવા હવે જિલ્લા પોલીસે સીસીટીવી કેમેરાની મદદ અવશ્ય લેવી પડે તેવી સ્થિતિ ઉદ્ભવી છે ત્યારે જિલ્લા પોલીસે આજે જિલ્લાના તમામ ખાનગી એકમોમાં સી.સી.ટીવી કેમેરા લગાડવા ફરજીયાત કરવા જાહેરનામુ પ્રસિદ્ધ કરવા જિલ્લા કલેક્ટરને દરખાસ્ત કરી છે.

ગાંધીનગર જિલ્લામાં ગુનાખોરીનો ગ્રાફ એટલી હદે વધી રહ્યો છે કે તેને કંટ્રોલમાં લેવા માટે જિલ્લા પોલીસ ઘાંઘી થઈ ગઈ છે. તસ્કર ટોળકીઓ પોલીસના તમામ એક્શન પ્લાનના ધજીયા ઉડાવીને બે કદમ આગળ રહી બિન્દાસ્તપણે ઘરફોડ કરી રહ્યા છે તે ઉપરાંત ચોરી-

અનુસંધાન પાન-૭ પર

## બારકોડ સિસ્ટમથી પોલીસ પેટ્રોલીંગ

### આળસુ પોલીસ હવે ઘરે બેઠા બેઠા પેટ્રોલીંગના જુઠ્ઠા લોકેશન આપી નહી શકે : બારકોડ સ્ટીકર પર સ્કેનર ફેરવવુ પડશે પેટ્રોલીંગ અસરકારક બનશે : ઘનકચરાના ડોર ટુ ડોર કલેક્શન માટે ગુડાએ અપનાવેલી પદ્ધતી પોલીસ પણ અપનાવશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરમાં ઘરે બેસીને ઓનેઓન પેટ્રોલીંગ કરતી જિલ્લા પોલીસ હવે વાયરલેસ પર પેટ્રોલીંગના ખોટા લોકેશન આપી શકશે નહી. ગુડા દ્વારા શરૂ કરવામાં આવેલી ડૉર ટુ ડોર ઘનકચરાના કલેક્શનની બારકોડ પદ્ધતિ મુજબની સ્કીમ હવે જિલ્લા પોલીસ પણ અપનાવશે. ગાંધીનગરની બેન્કો, જ્વેલરી શોપ, નિયત કરેલા રૂટ, એ.ટી.એમ., કેટલાક આંતરીક માર્ગો સહિતના પેટ્રોલીંગના રૂટ પર બારકોડ સ્ટીકર લગાડી પોલીસે પેટ્રોલીંગ માટે ફરજીયાતપણે તે સ્થળે સ્કેન કરી એન્ટ્રી પડાવવી પડશે તેથી પેટ્રોલીંગ અસરકારક બનશે અને આળસુ બનીને ઘરે બેઠા ખોટા લોકેશન આપતી પોલીસે હવે પોતાની આળસ ખંખેરીને ફરજીયાત પેટ્રોલીંગ રૂટ કલીયર કરવો પડશે.

ગાંધીનગર જિલ્લામાં વધી ગયેલી ગુનાખોરીને નિયંત્રિત કરવી આવશ્યક બની છે. ગુનાખોરી બેફામ બનવા પાછળ પોલીસ સ્ટાફ પૈકીના

● અનુસંધાન પાન-૭ પર

# ગુડા વિસ્તારમાં ૨૪ કલાક પાણી આપવા ખાનગી કંપની અહેવાલ તૈયાર કરશે

## પાણીની યોજનામાં મીટર પ્રથાનો અમલ કરાશે

ગાંધીનગર, તા. ૩૦

ગુડા વિસ્તારમાં મીટર પદ્ધતિ મુજબ ૨૪ કલાક પાણી પુરૂ પાડવા માટે શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. નર્મદાનું પાણી આપવા યોજના સંદર્ભે ખાનગી કંપની દ્વારા અહેવાલ તૈયાર કરવામાં આવશે. મીટરપ્રથાના આધારે પાણી આપવાની યોજનાના લીધે પાણીનો બગાડ પણ થશે નહીં.

શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા સમગ્ર ગુડા વિસ્તારમાં મીટર મૂકી ૨૪ કલાક નર્મદાના પાણી આપવા કવાયત હાથ ધરવામાં આવી છે. તેના માટે શક્યતાદર્શી અહેવાલ ખાનગી કંપની દ્વારા તૈયાર કરવામાં આવશે. તેની સાથોસાથ જ ગંદા પાણીના નિકાલની યોજના પણ હાથ ધરવામાં આવી છે. ન્યૂ ગાંધીનગરમાં નર્મદાના પાણી આપવા માટે ખાસ્સા સમયથી કવાયત ચાલી રહી છે. પરંતુ હવે તેમાં ૨૪ કલાક પાણી આપવાની બાબતનો



ગાંધીકથાકાર પૂજ્ય નારાણભાઈ દેસાઈ બુધવારની સાંજે ગાંધીકથાના સમાપન બાદ ગાંધીનગર સમાચારના કાર્યાલય ખાતે નગરના વરિષ્ઠ આગેવાનો સાથે ગોષ્ઠિ કરી તે પ્રસંગની તસવીર... (તસવીર : દિપક જાની)

# દુનિયાનો કોઈ ધર્મ નિર્દોષ માણસોને મારવાનું શીખવતો નથી

## સાદરા ખાતે ગાંધીકથાનું ભાવસભર વાતાવરણમાં સમાપન

મધુવન સેવા સંકુલ-સાદરામાં પાંચમા દિવસની ગાંધીકથાનો અંતિમ દિવસ હોવાથી ગાંધીકથા સમાપન ગીતથી શરૂ કરીએ-

સત્ય-અહિંસાને બાપુકથાના સારજ સમજીએ,
સૌથી પહેલા પોતાના મન મેલને ધોઈ નાખીએ.
સત્ય-દીપથી નિત્ય નિરંતર નિજ મંદિરને ઉજાળીએ
રાગ દ્વેષને વેરઝેરને પ્રેમ પાવકે પ્રજાવીએ,
સર્વ પ્રકારના આતંકોની સામે અડીખમ આખડીએ
ભેદભાવનો છેદ ઉડાડી દમન તણી સામે લડીએ.

સૌના ભલાની ખાતર જીવીએ શાંતિ-ન્યાય ખાતર મરીએ. બાપુનો ભોગ આપણા દેશની કટ્ટરતાએ લીધો. એ કટ્ટરતા જાણે અજાણે ઓછા-વત્તા આપણા સૌમાં પ્રવેશતી હોય છે માટે એ બાબતમાં સાવધ રહીએ. પોતાના મનનો મેલ કાઢવાનો પ્રયત્ન કરીએ. ધર્મ માણસને ભેગા કરે છે. અધર્મ માણસને વિખૂટા કરે છે. માથાના માપે ટોપી નહીં પણ ટોપીના માથે માથુ બનાવવામાં આવે છે. ગાંધી કહેતા હતા કે ગાંધીવાદનો કોઈ ઉપદ્રવ ઉભો કરવો નથી. કટ્ટરતામાં માણસાઈ ઓછી થાય છે. કવિ કુલગુરૂ કાલીદાસે વર્ણન કર્યુ ઈશ્વરને ઈચ્છા થઈ પૃથ્વીને માપવા માટેનો ગજ થયો હિમાલય. ઈશ્વરને ઈચ્છા થઈ માણસને માપવા માટેનો ગજ મહાત્મા ગાંધીને બનાવ્યા. ૧૯૪૬માં કલકત્તામાં રમખાણ થયાં જેમાં ચાર-પાંચ હજાર માણસોની હત્યા થઈ. બળજબરીથી બળાત્કારો થયા, નદીના પુલ ઉપર ચોકીદારો ગોઠવાયા નીકળે તેને મારો આવી પરિસ્થિતિમાં દિલ્હીના નેતાઓ ચર્ચા કરી રહ્યા હતા તેમાંનો એક લોકનેતા દિલ્હીમાંથી નોઆખલી પહોંચ્યા. તે લોકનેતા હતા મહાત્મા ગાંધી. પહેલું તો કામ ગાંધીએ પચ્ચાસહજારની છાવણીમાં સફાઈનું કામ શરૂ કર્યુ. પછી દિલની સફાઈનું કામ શરૂ કરીશું. ગાંધીએ નાની મોટી સભાઓ કરી કહેતા કે જેના ઉપર માર પડ્યો છે તેમણે ગમે તેટલું જોખમ હોય તો પણ અભય રહેજો. હુલ્લડ કરનારાઓનું મનોવિજ્ઞાન કૂતરા જેવું હોય છે. હિંસા કરનારાઓને પણ ગાંધીજીએ કહ્યું છે કે મેં તમારા ધર્મ પુસ્તક કુરાનને ત્રણવાર વાંચ્યું છે. દુનિયાનો કોઈ ધર્મ નિર્દોષ માણસોને મારવાનું શીખવતો નથી. ગાંધી જીવનમાં શરૂઆતથી ત્રણ પગથિયાં સાથે ચાલ્યા છે. પ્રથમ પગથિયુ આત્મનીરીક્ષણ, બીજુ આત્મ પરીક્ષણ અને ત્રીજુ આત્મશોધન. ગાંધીજીની સાથે ૨૬ જણ નોઆખલીમાં હતા. તેમણે પણ બબ્બેની ટુકડીમાં વહેંચી ફરવાનું શરૂ કર્યુ. ગાંધીજી નોઆખલીમાં ઉઘાડા પગે ફર્યા. નોઆખલીમાં ગાંધી ફરેતે કેટલાકને ખૂંચે અને કહેતા કે બિહારમાં જાઓ

**પૂજ્ય નારાયણભાઈ દેસાઈના વ્યાસાસને**
**ગાંધીકથા**
**(દિવસ પાંચમો)**
**- સંકલન -**
**રમેશભાઈ મ. પટેલ**

● અનુસંધાન પાન-૭ પર

# હવે જીવનમાં એક જ વાર હજયાત્રા કરી શકાશે

## કેન્દ્રીય હજ કમીટીએ કરેલી જાહેરાત : ૨૦૧૩ના ફોર્મ ૬ ફેબ્રુઆરીથી ૨૦ માર્ચ સુધી સ્વીકારાશે

ગાંધીનગર, તા. ૩૦

વારંવાર હજયાત્રાએ જનારા ભારતના નાગરીકોને હવે એવી સુવિધા નહીં મળે. તેમનું સ્વપ્ન હવે સાકાર નહી થાય. કેન્દ્રીય હજ કમીટીએ જીવનમાં એકવાર હજયાત્રા કરવાનું ફરમાન કર્યુ છે. અનિવાર્ય સંજોગો સિવાય કોઈનેય બીજીવાર હજયાત્રાએ જવાની પરવાનગી અપાશે નહી. હજયાત્રાનો લાભ મહત્તમ અરજદારો લઈ શકે તે માટે આ નિયમ બનાવાયો છે.

દર વર્ષે ભારતમાંથી હજ્જારો મુસ્લિમ નાગરિકો હજયાત્રાએ જાય છે. જીવનમાં એકવાર હજયાત્રાએ જવું એ ફરજ હોવાથી હજયાત્રા માટે દર વર્ષે લાખોની સંખ્યામાં ફોર્મ ભરાયા હોય છે. પરંતુ હજયાત્રા માટે ભારતને મળતો ક્વોટા મર્યાદિત હોવાથી ફોર્મ ભરનારા દરેકને હજયાત્રાએ જવાનો મોકો મળતો નથી. બે-બે ત્રણ-ત્રણ વર્ષ સુધી લાંબુ વેટઈંગ લીસ્ટ હોય છે. ઉમેદવારોની સંખ્યા વધુ હોવાથી ડ્રો પદ્ધતિ અપનાવવામાં આવે છે. ડ્રો પદ્ધતિમાં ઘણાને એકથી વધુ વખત હજયાત્રાએ જવાનો મોકો મળી જાય છે. તો કેટલાક ટુરમાં ખાનગી આયોજકો સાથે એકથી વધુ વખત હજયાત્રાએ જાય છે. ક્વોટા લીમીટેડ હોવાથી ઘણાને વર્ષો સુધી હજયાત્રાએ જવાનો મોકો મળતો નથી. આથી કેન્દ્રીય હજ કમિટીએ આવો નિર્ણય કર્યો હોવાનું મુખ્ય કાર્યકારી અધિકારી ડૉ. સાકિર હુસેને જણાવ્યુ હતુ. દર વર્ષે ફોર્મ ભરનારાઓની સંખ્યા વધતી જ જાય છે પરંતુ તેની સામે ક્વોટા મળતો નથી. માટે મુસ્કેલી વધે છે. દરેક રાજ્યોને મુસ્લિમોની જનસંખ્યાના આધારે ક્વોટા મળે છે. તે ક્વોટાનો યોગ્ય રીતે ઉપયોગ થાય તે માટે કેટલાક નિયમો બનાવાયા છે. હાલમાં ૭૦ વર્ષથી વધુની વયના અરજદારોને પ્રાથમિકતા અપાય છે. તેવી જ રીતે સતત ત્રણ વર્ષથી ફોર્મ ભરનારાઓનું નામ પહેલુ આવી જાય છે. હવે એવી જ રીતે એકથી વધુ વખત હજયાત્રાએ જવા ઈચ્છતા નાગરિકો જો પુનઃ હજયાત્રા માટેનું ફોર્મ ભરશે તો તેને પ્રાથમિકતા નહી અપાય. આ સાથે હજયાત્રિકોએ આવેદનમાં આ પહેલા હજયાત્રા કરી નથી તેવું સોગંદનામુ પણ કરવાની શરત રાખવામાં આવી છે. ૨૦૧૩ની હજયાત્રાની અરજીઓ ૬ ફેબ્રુ.થી ૨૦ માર્ચ સુધી કરી શકાશે.

### હવે હજયાત્રા પણ મોંઘી બની

ગાંધીનગર, તા. ૩૦

હજયાત્રાએ જનારાઓએ હવે ૧૯થી ૨૦ હજાર રૂપિયાનો વધારે ખર્ચ કરવો પડશે. રજીસ્ટ્રેશન શુલ્ક પણ ૧૦૦ રૂ. વધારી દેવાયો છે.

સતત વધી રહેલી મોંઘવારી અને બે વર્ષથી થઈ રહેલી ખોટના લીધે આ નિર્ણય લેવાયો છે. સેન્ટ્રલ હજ કમિટી મુંબઈએ અઝીઝીયા કેટેગરીમાં ૧.૫૦ લાખ અને ગ્રીન કેટેગરીમાં ૧ લાખ ૮૦ હજારનો ભાવ જાહેર કર્યો છે. જ્યારે ગયા વર્ષે આ દર ૧.૩૩ અને ૧.૬૧ લાખ હતો. કમિટીને છેલ્લા બે વર્ષમાં ૫૦ લાખની ખોટ આવી છે. ૨૦૧૧માં ૨૮ લાખનો વધુ ખર્ચ આવ્યો હતો. ૨૦૧૨માં ૨૨ લાખથી વધુ વધારાની રકમ સાઉદી સરકારને ભરવી પડી હતી.

**મકાન ભાડે આપવાનું છે**
સેક્ટર-૮બી,
પ્લોટ નં. ૫૧૩/૨,
પહેલો માળ ભાડે
આપવાનો છે.
સંપર્ક
૯૮૨૫૩ ૮૭૦૭૮




TMT BARS - ISI
BENELAVE
TATA
STEEL • PIPES • SHEETS
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com